GJGS070006252024

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૬-૦૪-૨૦૨૪ |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ | ૦૬-૦૪-૨૦૨૪ |
| ફેંસલ કર્યા તારીખ | ૩૦-૦૫-૨૦૨૬ |
| સમયગાળોઃ-વર્ષઃ- માસઃ- દિવસઃ- | |

**તાલાલાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રીની કોર્ટ સમક્ષ, મુ. તાલાલા.**

આંક-

| | |
|---|---|
| **ફરિયાદીઃ-** | **શ્રી સરકાર** |
| | **-॥ વિરૂદ્ધ ॥-** |
| **આરોપીઓ:-** | **(૧) રીયાઝભાઇ હુસેનભાઇ મકવાણા,<br>ઉ.વ.આ.૩૦, ધંધો-મજુરી,<br>(૨) રજબભાઇ ઉકાભાઇ ભાલીયા,<br>ઉ.વ.આ.૭૯, ધંધો-મજુરી,<br>બંને રહે.તાલાલા, જી.ગીર સોમનાથ.<br>(૩) ઉંમરભાઇ જુમ્માભાઇ ખોખર,<br>ઉ.વ.આ.૪૮, ધંધો-મજુરી,<br>રહે.સાંગોદ્રા, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.** |

| | |
|---|---|
| **ગુનો:** | પ્રોહી. એક્ટની કલમ-૬૫(ઈ), ૯૮(૨), ૯૯, ૮૧ |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષ તરફેઃ-** | **વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ. તુર્ક** |
| **આરોપી પક્ષ તરફેઃ-** | **વિ.વકીલ શ્રી આર.એફ.ચૌહાણ** |

(૧) હાલના કેસની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

| | |
|---|---|
| આરોપીનું નામઃ- | **(૧) રીયાઝભાઇ હુસેનભાઇ મકવાણા,<br>ઉ.વ.આ.૩૦, ધંધો-મજુરી,<br>(૨) રજબભાઇ ઉકાભાઇ ભાલીયા,<br>ઉ.વ.આ.૭૯, ધંધો-મજુરી,<br>બંને રહે.તાલાલા, જી.ગીર સોમનાથ.** |

| | |
|---|---|
| | **(૩) ઉમરભાઇ જુમ્માભાઇ ખોખર,<br>ઉ.વ.આ.૪૮, ધંધો-મજુરી,<br>રહે.સાંગોદ્રા, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.** |
| ગુનાની કલમઃ- | પ્રોહી. એક્ટ કલમ-૬૫(ઇ), ૯૮(૨), ૯૯, ૮૧ |
| પોલીસ સ્ટેશનઃ- | તાલાલા પોલીસ સ્ટેશન |
| ગુનાની તારીખઃ- | ૨૩-૦૬-૨૦૨૨ ના રોજ કલાક ૧૯-૩૦ વાગ્યે |
| પ્રોહી. મુદ્દામાલઃ- | દેશી દારૂનો કુલ કિંમત રૂા.૨૨૨૦૦/- નો મુદામાલ |
| ગુનાની ટુંકમાં હકીકતઃ- | આ કામના આરોપી નં.૧ તથા ૨ નાએ તા.૨૩/૦૬/૨૦૨૨ ના કલાક ૧૯/૩૦ વાગ્યે જેપુર ગામથી આગળ બકરી રોડ ઉપર આવેલ કનૈયા પાન નામની દુકાન પાસે પોતાના કબજા હવાલા વાળી મોટર સાયકલ ઉપર વચ્ચેના ભાગે પ્લાસ્ટીકના બાચકામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી દારૂ ભરેલ કોથળી નંગ-૬૦ જે આશરે દેશી દારૂ લીટર-૬૦ ની કિંમત રૂા.૧,૨૦૦/- ના પ્રોહી. મુદામાલની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ કાળા કલરની સીલ્વર પટા વાળી હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં.GJ-32-P-8528 ની કિંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તથા મોબાઇલ નંગ-૧ ની કિંમત રૂા.૧,૦૦૦/- ગણી કુલ કિંમત રૂા.૨૨,૨૦૦/- ના પ્રોહી. મુદામાલ સાથે મળી આવી તથા આરોપી નં.૩ નાએ દેશી પીવાના દારૂનો જથ્થો પુરો પાડી એકબીજાએ મદદગારી કરી, પ્રોહી.એક્ટની કલમ-૬૫(ઇ), ૯૮(૨), ૯૯, ૮૧ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે. |

(૨) સબબ કામે આરોપીઓ સામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન લઇને આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) સદર ગુનાના કામે આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂધ્ધ સદર કેસના કામે પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓની સામે આંક-૧૨ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આંક-૧૩ થી ૧૫ સુધી આપેલ નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ, સબબ આરોપીઓ વિરૂધ્ધ સદર કેસની

ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

–:: મૌખીક પુરાવો ::–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ હુશેનભાઈ બાવનભાઈ નારેજા ની જુબાની | ૧૮ |
| ૨ | ત.ક.અ. જોરસંગ દેવસંગ પરમાર ની જુબાની | ૨૯ |

–:: દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અટક પંચનામું | ૧૬,૧૭ |
| ૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૩ | ફરીયાદ | ૩૦ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સબબ કામે આરોપી વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી માટે મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી નં.૧ તથા ૨ નાએ તા.૨૩/૦૬/૨૦૨૨ ના કલાક ૧૯/૩૦ વાગ્યે જેપુર ગામથી આગળ બકરી રોડ ઉપર આવેલ કનૈયા પાન નામની દુકાન પાસે પોતાના કબજા હવાલા વાળી મોટર સાયકલ ઉપર વચ્ચેના ભાગે પ્લાસ્ટીકના બાચકામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી દારૂ ભરેલ

કોથળી નંગ–૬૦ જે આશરે દેશી દારૂ લીટર–૬૦ ની કિંમત રૂા.૧,૨૦૦/– ના પ્રોહી. મુદામાલની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ કાળા કલરની સીલ્વર પટા વાળી હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં.GJ–32–P–8528 ની કિંમત રૂા.૨૦,૦૦૦/– ગણી તથા મોબાઇલ નંગ–૧ ની કિંમત રૂા.૧,૦૦૦/– ગણી કુલ કિંમત રૂા.૨૨,૨૦૦/– ના પ્રોહી. મુદામાલ સાથે મળી આવી તથા આરોપી નં.૩ નાએ દેશી પીવાના દારૂનો જથ્થો પુરો પાડી એકબીજાએ મદદગારી કરી, પ્રોહી.એક્ટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) **<u>ઉપરોક્ત મુદ્દા પરત્વેનો મારો નિર્ણય નીચે મુજબ છે.</u>**

**<u>જવાબઃ– ૧ – નકારમાં.</u>**

**<u>જવાબઃ– ૨ – આખરી હુકમ મુજબ.</u>**

**–: <u>નિર્ણય માટેનાં કારણો</u> :–**

(૭) સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલતના નિર્ણીત કરેલ **<u>2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others</u>** ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચીત સમજે છે. જેમાં ઠરાવેલ છે કે,

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

*વધુમાં આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલીપ સાન્શી વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, " In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in*

*the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."*

(૮) આમ, ઉપરોકત ચુકાદાઓના ઉજાસમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા **આંક–૧૯ થી પંચ સાહેદ હુશેનભાઈ બાવનભાઈ નારેજાને તપાસવામાં આવેલ છે. જેના રૂબરૂ આરોપીઓનાં કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓએ પોતાની રૂબરૂ આંક–૧૯ વાળુ પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.** વધુમાં સદર પંચનામાના બીજા પંચ સાહેદ ભીખુભાઈ હુસેનભાઈ નારેજાને અત્રેની અદાલત દ્વારા પ્રોસેસ કાઢતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર પંચ સાહેદને ફરીયાદપક્ષ તર્ફે તપાસી શકાયેલ નથી. વધુમાં આ સંદર્ભે બચાવપક્ષ તર્ફે આંક–૧૬ તથા ૧૭ થી અટક પંચનામા એડમીટ કરવામાં આવેલ છે. જે પંચનામા ધ્યાને લેતા આરોપીઓને અટક કર્યા અંગેની હકીકત તેમાં દર્શાવવામાં આવેલ છે. પરંતુ સદર પંચનામાથી આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ કોઈ કૃત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદને જ લેવામાં આવેલ છે.

(૯) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૯ થી આ કામના **ત.ક.અમલદાર જોરસંગ દેવસંગ પરમાર** ને તપાસવામાં આવેલ છે અને આંક–૩૦ થી ફરીયાદ રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ

છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્વિકાર કરે છે કે**, ચેકીંગમાં જવાનુ હોય ત્યારે તેની નોંધ લોગ બુકમાં કરવી જરૂરી છે અને આ કામે લોગબુકનો ઉતારો રજુ રાખેલ નથી, આ કામે નીવેદન જેનુ લેવામાં આવેલુ તે કર્મચારી ફરજ ઉપર હાજર હતા તેનો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી, ચેકીંગમાં જે જગ્યા પર ઉભા હતા તે જાહેર રસ્તો હતો અને ત્યાં ઘણા લોકોની અવર જવર થતી રહે છે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદનો લીધેલ નથી, આ કામની ફરીયાદમાં પંચોના નામ લખવામાં આવેલ નથી.** વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીઓનાં કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતાં ગુના વાળી જગ્યા જાહેર વીસ્તાર હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલીત થતું નથી. તેમજ આરોપીઓ વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતાં ફરિયાદપક્ષ આરોપીઓનાં કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે.

આમ, રેકર્ડ પરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવા અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતાં આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ **નામદાર સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં સતીષ**

**મહેરામાં** પ્રસ્થાપીત કરેલ છે, "When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબીત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપીઓ ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતાં હોવાનું આ અદાલતનું માનવું હોય, મુદૃા નં.૧ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદૃા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**.<<હુકમ>>.**

– આ કામના **આરોપીઓ ૧) રીયાઝભાઇ હુસેનભાઇ મકવાણા, ર)રજબભાઇ ઉકાભાઇ ભાલીયા, બંને રહે.તાલાલા, જી.ગીર સોમનાથ તથા ૩) ઉંમરભાઇ જુમ્માભાઇ ખોખર, રહે.સાંગોદ્રા, તા.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(ર), ૯૯, ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપી રીયાઝભાઇ હુસેનભાઇ મકવાણા સદરહુ ગુનાના કામે જેલમાં હોય તેની ગેરહાજરીમાં સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ ચુકાદો જાહેર કરવામાં આવે છે તેમ જ તેનુ રીલીઝ વોરંટ તાત્કાલીક કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના જામીન ખત અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ

કરવામાં આવે છે.

– મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે અગાઉ વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ વાહન તથા મોબાઈલની માલીકી અંગેની ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૩૦ માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૩૦–૦૫–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.